# IN THE COURT OF JUDGE, LABOUR COURT AT BHAVNAGAR,
## Presided Over by T.P.Singh

રીકવરી ૩૩ સી(૨) અરજી નં.૪/૨૦૧૧
આંક –૧૦

**અરજદાર :** **રાજીબેન આણંદભાઈ ગોહીલ**
ગુજરાત મઝદુર સંઘ,
ઠે.એસ/૧૫, બીજા માળે, ઓમીક કોમ્પલેક્ષ,
ભાવનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **(૧) મેનેજરશ્રી/ટ્રસ્ટીશ્રી,**
વર્ધમાન જૈન આગમ મંદીર સંસ્થા,
તળેટી પાસે, પાલીતાણા
જિ. ભાવનગર.

**બાબત : ઔદ્યોગિક વિવાદ ધારાની ૧૯૪૭ ની કલમ ૩૩ સી(૨) હેઠળની અરજી**

અરજદાર તરફે : વિ.પ્રતિનીધી શ્રી આર.પી.નારીગરા
સામાવાળા તરફે : વિ.વ.શ્રી કે.એમ.ગાંધી

**– :: હુ ક મ :: –**

(૧) હાલની અરજીમાં એવું જણાવેલ છે કે, અરજદાર સામાવાળાના ઉપરોકત સરનામે આવેલ સંસ્થામાં છેલ્લા ૨૦ વર્ષથી ફરજ બજાવતા હતા. અરજદારની ફરજ દરમ્યાન તેની પાસે દરરોજના ૧૨ થી ૧૩ કલાક કામગીરી લેવામાં આવતી હતી. આ રીતે અરજદારે દરરોજ ૪ કલાકથી વધુ સમય માટે ઓવર ટાઇમ કરેલ છે. આ કરેલ ઓવર ટાઇમનુ વેતન અરજદારને ચુકવવામાં આવેલ નથી. અરજદારને તા. ૦૧/૦૪/૨૦૧૦ નારોજ ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે અને ત્યાં સુધીના અરજદારના ઓવરટાઇમ વેતનની રકમ રૂા.૨,૭૦,૦૦૦/– અરજદારને સામાવાળા પાસે લેણાં પડે છે.

(૧.૧) સામાવાળા સંસ્થાને મજુર કાયદાઓ લાગુ પડતા હોવા છતાં સામાવાળાએ અરજદારની નોકરીના કાળ અને ક્રમ દરમ્યાન આવેલ જાહેર તહેવારોની રજાઓમાં પણ અરજદાર પાસેથી કામગીરી લીધેલ છે. આ રીતે અરજદારે રજાઓમાં કરેલ કામગીરીનો પગાર પણ સામાવાળા તરફથી ચુકવવામાં આવેલ નથી. તેથી આ

જાહેર તહેવારોની રજાઓની વેતનની લેણી રકમ રૂા.૫૬,૪૭૦/– થાય છે. જે સામાવાળા પાસે અરજદારની લેણી પડે છે.

**(૧.૨)** મજુર કાયદાના ધારા ધોરણ મુજબ અરજદાર હકક રજા સામાવાળા પાસે લેણી પડેલ છે. આ હકક રજા ૩૦૦ ઉપરાંતની જમા પડેલી છે. આ રજના પગારની રકમ રૂા.૧,૭૨,૦૦૦/– સામાવાળા પાસે લેણી પડેલ છે.

**(૧.૩)** આ કામના સામાવાળાને લઘુતમ વેતન ધારો લાગુ પડે છે. પરંતુ અરજદારને દાખલ તારીખથી છુટા કર્યા તારીખ સુધી લઘુતમ વેતન ધારા મુજબનુ વેતન ચુકવેલ નથી. અરજદારને ચુકવેલ વેતન અને લઘુતમ વેતન ધારા મુજબના વેતન તફાવતની રકમ રૂા.૪,૬૦,૨૭૦/– અરજદારના સામાવાળા પાસે લેણાં પડે છે.

**(૧.૪)** અરજદારને છેલ્લા બે વર્ષથી બોનસ ચુકવવામાં આવેલ નથી. બે વર્ષના બોનસની રકમ રૂા.૬૦૦૦/– મળી અરજદારની રકમ સામાવાળા પાસે લેણી પડેલ છે. આ રીતે ઉપરોકત જણાવેલી કુલ રકમ રૂા.૯,૬૪,૭૪૦/– અરજદારના સામાવાળા પાસે લેણાં પડે છે અને સામાવાળા પાસે ઉપરોકત રકમ લેણી પડયા તારીખથી તે ચુકવવામાં આવે ત્યાં સુધીના સમય માટે સામાવાળા અરજદારને ૧૨% વ્યાજ ચુકવી આપે તેવી હાલની અરજીમાં અરજદાર રજુઆત કરેલી છે.

**(૨)** સદર કામે સામાવાળાઓને હાલની અરજીની નોટીસ કાઢતા નોટીસ બજી આવતા સામાવાળાએ હાલની અરજદારની રીકવરી ૩૩ (સી)(૨) અરજીનો જવાબ આંક–૬ થી રજુ કરેલ છે. જેમાં સામાવાળા જણાવે છે કે, તેઓ કોઇ વેપાર, ધંધો કે વ્યવસાય કરતા નથી. તેઓ મંદીર છે અને તે માટે મંદીર અને સાધુ–સાધ્વી માટે ધર્મશાળા અને ભોજનશાળા ચાલે છે, જેનો કોઇ ચાર્જ લેવામાં આવતો નથી. આથી ઔધોગીક વિવાદ ધારો સામાવાળાને લાગુ પડતો નથી. માંગણી અસ્તિત્વ ધરાવતો અધિકાર નથી. કલમ–૩૩(સી)(૨) માં આ અરજી ચાલી શકે નહી. માંગણી સ્પષ્ટ નથી, વેગ છે. ગણત્રી સ્પષ્ટ નથી, કાલ્પનીક આંકડા લખેલ છે. લઘુતમ વેતન ધારો તથા બોનસ ધારો સામાવાળાને લાગુ પડતો નથી. સામાવાળા કયારેય ઓવરટાઇમ કરાવતા નથી. અરજદાર પોતાનુ પ્રોફેશ્નલ સફાઇનુ કામ રાખે છે અને સામાવાળા સિવાય અન્યનુ પણ કરે છે તેથી કામદાર ન હોય ચાલી શકે નહી.

(૨.૧) અરજદાર ૨૦ વર્ષથી ફરજ બજાવતાં હોવાનુ ખરુ નથી. ખરી હકીકતે છેલ્લા ૧૪ વર્ષથી સામાવાળાને ત્યાં સફાઇ કામ રાખેલ છે અને સવારના ૭ થી ૧૧ દરમ્યાન આવી કરી જાય છે. અરજદારે કામ કરવુ ન હોય તા.૦૧/૦૪/૧૦ થી કામ રાખેલ નથી. આથી સ્વેચ્છાએ કામ જતુ કરેલ છે. કયારેય ઓવરટાઇમ કામ કરાવેલ નથી કે મંજુરી આપેલ નથી. ગેરકાયદેસર છુટા કરવાનો પ્રશ્ન નથી. રૂા.૨,૭૦,૦૦૦/- ઓવરટાઇમના સામાવાળા પાસે લેણા થતાં હોવાનુ ખરુ નથી. ઓવરટાઇમની ગણત્રી દર્શાવેલ નથી. કેટલા કલાક, શું દર, કયા દિવસે વગેરે જણાવેલ નથી.

(૨.૨) અરજદારને દર વર્ષે બે પગાર તમામ પ્રકારની રજા, વગેરે ગણી ચુકવવામાં આવે છે. આમ રૂા.૫૬,૪૭૦/- તહેવારની રજાના લેણાં થતાં હોવાનુ ખરુ નથી તેમજ તેની ગણત્રી પણ દર્શાવેલ નથી. કેટલી રજા, કયો દર, વગેરે સ્પષ્ટ નથી. હકક રજા ભોગવવાની બાબત છે. તેનુ રોકડમાં રૂપાંતર કરવાની જોગવાઇ નથી. હકકરજા આપવા અંગે સામાવાળાએ કોઇ કાયદે લાગુ પડતો નથી. આમ છતાં તમામ પ્રકારની રજા, માટે દર વર્ષે સ્વેચ્છાએ બે પગાર ચુકવવામાં આવે છે. આથી હકકરજાના રૂા.૧,૭૨,૦૦૦/- લેણા થયાનુ ખરુ નથી. કેટલી હકકરજા? શું દર? વગેરે ગણત્રી આપેલ નથી.

(૨.૩) સામાવાળાને લઘુતમ વેતન ધારો લાગુ પડતો નથી. આથી લઘુતમ વેતન ચુકવવાનો પ્રશ્ન નથી. અન્યથા પણ પ્રોફેશ્નલ વ્યકિત છે તેમજ માત્ર ૪ કલાક કામગીરી હોય લઘુતમ વેતન મળવાપાત્ર નથી. આથી તફાવતની રકમ રૂા.૪,૬૦,૨૭૦/- થતાં હોવાનુ ખરુ નથી. બોનસ કાયદો લાગુ પડતો નથી. અરજદાર કેટલુ ખોટુ બોલે છે તે સાબીત થાય છે. દર વર્ષે બે પગાર રજાનો પગાર ગણી અને એક પગાર બોનસનો ગણી ત્રણ પગાર ચુકવીએ છીએ. બોનસ કાયદો લાગુ પડતો નથી.

(3) સબબ કામ પુરાવા માટે રાખવામાં આવતાં અરજદાર તરફે કોઇ દસ્તાવેજી કે મૌખીક પુરાવા રજુ રાખવામાં આવેલ નથી. જેથી તા.૦૧/૦૨/૨૦૨૦ નારોજ અરજદાર તરફે કોઇ પુરાવા રજુ ના થતાં અરજદારના પુરાવાનો હકક બંધ કર્યા અંગેની નોંધ રોજકામમાં જણાય આવે છે. તે ઉપરાંત સબબ કામ સામાવાળાના પુરાવા માટે રાખવામાં આવેલ છે. જેથી આ કામે સામાપક્ષ તરફે નીચે મુજબના

દસ્તાવેજી પુરાવા રજુ થાય છે તે ઉપરાંત આંક–૮ થી કલોઝીંગ પુરસીસ સામાપક્ષે રજુ રાખવામાં આવેલ છે.

**<u>સામાવાળા તરફે દસ્તાવેજી પુરાવાઓઃ-</u>**

| ક્રમ | વિગત | આંક/ નિશાની |
|---|---|---|
| ૧ | અરજદારે તમામ પ્રકારની રજા ગણી દર વર્ષે બે પગાર ચુકવતા હતા જે વર્ષ ૨૦૦૩-૦૪ ના ચુકવ્યાની ઝેરોક્ષ નકલ | ૭/૧ |
| ૨ | વર્ષ ૨૦૦૪-૦૫ ના બે પગાર ચુકવ્યાની ઝેરોક્ષ | ૭/૨ |
| ૩ | વર્ષ ૨૦૦૫-૦૬ ના બે પગાર ચુકવ્યાની ઝેરોક્ષ | ૭/૩ |
| ૪ | વર્ષ ૨૦૦૬-૦૭ ના બે પગાર ચુકવ્યાની ઝેરોક્ષ | ૭/૪ |
| ૫ | વર્ષ ૨૦૦૯-૧૦ ના બે પગાર ચુકવ્યાની ઝેરોક્ષ | ૭/૫ |
| ૬ | સંવત વર્ષ ૨૦૬૫ માં બોનસ ચુકવેલ તેની ઝેરોક્ષ | ૭/૬ |

(૪) ત્યારબાદ આ કામે અરજદાર તરફે મૌખીક દલીલો કરવામાં આવેલી જે નમ્રપણે સાંભળવામાં આવેલી. ત્યારબાદ સામાપક્ષે મૌખીક દલીલો રજુ રાખવામાં આવેલ છે. જે માનસહ સાંભળવામાં આવેલી છે.

(૫) આ કામે બન્ને પક્ષોની રજુઆતો તથા પડેલ પુરાવાને ધ્યાને રાખી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**<u>-:: મુદ્દાઓ ::-</u>**

૧. શું આ કામના અરજદાર તેમની અરજીના દાદ પેરામાં માંગેલ દાદ મુજબની રકમ ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ-૩૩ સી (૨) મુજબ સામાવાળા પાસેથી મેળવવા હકકદાર છે?

૨. શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

**<u>-: નિર્ણયો :-</u>**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

ચાયાધીશ(એસ.ડી.),
અદાલત નં.૧, ભાવનગર.

**<u>-- કારણો --</u>**

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા</u>**

(૭) આ મુદ્દાના અનુસંધાને પડેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલા સૌપ્રથમ સંદર્ભીત કાયદાની કલમની જોગવાઇઓ જોવી જરુરી જણાય આવે છે. અરજદારે હાલની અરજી ઔધ્યોગીક વિવાદ અધિનિયમ હેઠળ દાખલ કરેલ હોય આ કામે ઔધ્યોગિક વિવાદ ધારાની **<u>કલમ- ૩૩-સી (૨)</u>** માટે **<u>કલમ- ૩૩-સી</u>** ની જોગવાઇ મહત્વપુર્ણ બને છે. જે વંચાણે લેતા તેમાં નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે.

**<u>Section 33.C- Recovery of money due from and employer :</u>**

**(1)** Where any money is due to aworkman from an employer under a settlement or an award or under the provisions of Chapter V-A Chapter V-B, the workman himself or any other person authorised by him in writing in this behalf, or, in the case of the death of the workman, his assignee or heir may,without prejudice to any other mode of recovery, make an application to the appropriate Government for the recovery of the money due to him, and if the appropriate Government is satisfied that any money is so due, it shall issue a certificate for that amount to the Collector who shall proceed to recover the same in the same manner as an arrear of land revenue:

Provided the every such application shall be made within one year from the date on which the money became due to the workman from the employer:

Provided further that any such application may be entertained after the expiry of the said period of one year, if the appropriate Government is satisfied that the applicant has sufficient cause for not making the application within the said period.

**(2)** **<u>Where any workman is entitled to receive for the employer any money of any benefit which is capable of being computer in terms of money and if any question arises as to the amount of money due or as to the amount at which such benefit should be computed, then the question may, subject to any rules that may be made under this Act, be decided by such Labour Court as may be specified in this behalf by the appropriate Government withina period not exceeding three months.:</u>**

**<u>Provided that where the presiding officer of a Labour Court considers it necessary or expedient so to do, he may, for reasons to be recorded in writing, extend such period by such further period as he may think fit.</u>**

(3) *For the purposes of computing the money value of a benefit, the Labour court may, if it so thinks fit, appoint a commissioner who shall, after taking such*

*evidence as may be necessary, submit a report to the labour court and the Labour court shall determine the amount after considering the report of the commissioner and other circumstances of the case.*

(4) The decision of the Labour court shall be forwarded by it to the appropriate Government and any amount found due by the labour court may be recovered in the manner provided for in subsection (1).

(5) Where workmen employed under the same employer are entitled to receive from him any money of any benefit capable of being computed in terms of money, then, subject to such rules as may be made in this behalf, a single application for the recovery of the amount due may be made on behalf of or in respect of any number of such workmen.

**Explanation-** In this section "Labour court" includes any court constituted under any law relating to investigation and settlement of industrial disputes in force in any state.

(૮) આમ, ઉપરોકત જોગવાઈ ધ્યાને રાખી આ કામે જોવામાં આવે તો અરજદારે માંગેલ દાદ મુજબની રકમ કઈ રીતે અને કેટલી રકમ મળવાપાત્ર છે તે અંગેની ગણતરી કર્યા વગર આ કામે કોઈ નિર્ણય થઈ શકે તેમ ન હોય. વધુમાં ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની કલમ ૩૩-સી (૨) કોર્ટનુ કામ ફકત વહીવટી કે મીનીસ્ટીરીયલ વર્ક તરીકે હોય છે. આ કલમ હેઠળ કોર્ટે ફકત એકઝીકયુટીંગ કોર્ટની જેમ અગાઉ થયેલ એવોર્ડ/સેટલમેન્ટ અથવા કરાર મુજબ જરુરી કાર્યવાહી કરવાની હોય છે. હવે આ કામે જોવામાં આવે તો અરજદારે એવોર્ડ/સેટલમેન્ટ અથવા કરાર મુજબની રકમની વસુલાત માટે હાલની અરજી દાખલ કરેલ છે. જેથી હાલની અરજી ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની કલમ ૩૩-સી (૨) મુજબ યોગ્ય રીતે દાખલ કરવામાં આવેલાનુ રેકર્ડે જણાય આવે છે.

(૯) ત્યારબાદ આ કામે અરજદારે માંગેલ દાદ અનુસંધાને આ કામે જયારે સામાવાળાએ તેના આંક-૬ ના જવાબમાં તેઓ કોઈ વેપાર-ધંધો કે વ્યવસાય કરતા ન હોય તથા ઔદ્યોગીક વિવાદ ધારાની જોગવાઈ તેમને લાગુ પડતી ન હોય તે મતલબની તકરાર લેવામાં આવેલી છે, ત્યારે અરજદારે સામાવાળા સામે કાયદા મુજબની નીકળતી રકમ તથા તેની ગણતરી અંગેના પુરાવા રજુ કરતા પહેલા આ કામના સામાવાળા ઔદ્યોગીક વિવાદ ધારાની જોગવાઈઓ મુજબ ઈન્ડસ્ટ્રી છે તેવી હકીકત રેકર્ડે જરુરી આધાર-પુરાવા સાથે પુરવાર કરવી પડે.

**(૧૦)** હવે આ કામે જોવામાં આવે તો આ કામના સામાવાળા ઔદ્યોગીક વિવાદ ધારાની જોગવાઈઓ મુજબ ઈન્ડસ્ટ્રી છે અને ઔદ્યોગીક વિવાદ ધારાની જોગવાઈઓ સામાવાળાને લાગુ પડે તેમ છે તેવી હકીકત પુરવાર કરવા જરૂરી આધાર-પુરાવા અરજદારે રજુ રાખેલાનુ જણાય આવતુ નથી. તે જ રીતે અગાઉ થયેલ એવોર્ડ/ સેટલમેન્ટ અથવા કરાર મુજબ જરૂરી કાર્યવાહી કરી કોઈ કાયદેસરની રકમ સામાવાળા સામે નીકળે છે કે કેમ તેવી હકીકતની સાબીતી માટે પણ અરજદાર તરફે કોઈ પુરાવો આ કામે રજુ રાખવામાં આવેલાનુ જણાય આવતુ નથી. તે સિવાય આ કામે સામાપક્ષે રજુ પુરાવાથી અરજદારની તરફેણમાં કોઈ હકીકત સાબીત થતુ હોવાનુ માનવા માટેનુ કોઈ કારણ રેકર્ડે જણાય આવતુ નથી.

**(૧૧)** આમ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદાર તરફેની દલીલો તેમજ ઉપરોક્ત હકીકતો ધ્યાને લેવામાં આવે તો અરજદારની ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૩૩ સી (૨) મુજબ સામાવાળા સામે કાયદેસરની કોઈ લેણી રકમ નીકળે છે તે માટેનો કોઈ આધાર–પુરાવો રેકર્ડે જણાય આવતો નથી. જેથી ઉપરોકત સંજોગોમાં મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને ન્યાયના હિતમાં મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧) અરજદારની રીકવરી અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર
તારીખ : ૦૧/૦૫/૨૦૨૬

(તેજ પ્રતાપ સિંઘ)
પ્રિસાઈડીંગ ઓફિસર
અને ન્યાયાધીશ(એસ.ડી.)
શ્રમ અદાલત નં.–૧,ભાવનગર
જીજે – ૦૧૨૪૭

એ.એમ.કટુડીયા
(ગુજરાતી સ્ટેનોગ્રાફર)

ન્યાયાધીશ(એસ.ડી.),
શ્રમ અદાલત નં.૧, ભાવનગર.